Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# મહત્મા ગાંધીના સાથી મનુબહેન ગાંધીનું જીવનકાર્ય

**ડૉ.મુકેશકુમાર એન. ચૌધરી**
આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી વિનયન કૉલેજ, વાવ. જિ-બનાસકાંઠા Email: chaudhari.mukesh1710@gmail.com

ભારતના સ્વતંત્રતા સંગ્રામમમાં મહત્મા ગાંધીનો સવિશેષ ફાળો છે. તત્કાલીન સમયના અનેક લોકોએ ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાનું પસંદ કર્યું. જેમાં મીરાબહેન,નીલા નાગિની, સરલાદેવી ચૌધરાની, સરોજિનીનાયડુ, અમૃતા કૌર,ડૉ.સુશીલા નૈયર, આભાબહેન ગાંધી અને મનુબહેન ગાંધી મુખ્ય હતા. આ મહિલાઓમાં મનુબહેન ગાંધીને મહાત્મા ગાંધીજીના અંતેવાસી માનવામાં આવે છે.

મૃદુલા તરીકે ઓળખાતા મનુબહેન ગાંધી, ગાંધીજીના ભત્રીજા જયસુખલાલનાં દીકરી હતા. ગાંધીજીના પિતા કરમચંદના સૌથી મોટા ભાઈ તુલસીદાસ ગાંધી. તેમના સૌથી મોટા પુત્ર અમૃતલાલ જે ગાંધીજીના પિતરાઈ થાય. અમૃતલાલના સાતમા દીકરા જયસુખલાલ અને એમની દીકરી એટલે મનુબહેન ગાંધી. મનુ જયસુખલાલની સૌથી નાની અને ચોથા નંબરના પુત્રી હતા. જયસુખલાલ સિંધિયા સ્ટીમ નેવિગેશનમાં કામ કરતા હતા. માટે તેમની નોકરીનાં સ્થાનકો પણ બદલાતાં રહેતાં હતાં. બાળકી મનુનો જન્મ સંભવત કરાંચીમાં થયો હોવાનું મનાય છે, કેમ કે એ વખતે તેમના પિતાની નોકરી કરાંચીમાં હતી. મનુબહેન ૧૯૨૯માં જનમ્યાં હતાં, એટલી નોંધ મળે છે. પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ પણ મનુબહેને કરાંચીમાં જ પૂરો કર્યો હતો. મનુબહેન બાર વર્ષનાં હતાં ત્યારે જ તેમના માતા અવસાન પામ્યાં હતાં. એ સમયગાળામાં જ કસ્તૂરબાને કોઈ વિશ્વાસુ મદદગારની જરૂર હતી. મનુબહેનને પૂનાના આખાગાન મહેલ ખાતે કસ્તૂરબા પાસે મોકલી દઈ નવી ફરજ સોંપી દેવાઈ. કસ્તૂરબાની સૂચનાથી અહીંથી જ મનુબહેને ડાયરી લખવાની શરૂઆત કરી દીધી હતી. કસ્તુરબાના અંતિમ શ્વાસ સુધીના ૧૩ મહિના મનુબહેન તેમની સાથે હતાં. એ પછી ગાંધીજીએ નાનકડી મનુની સંભાળ લેવાની શરૂઆત કરી હતી. બાપુએ મનુને કહ્યું હતું, 'આખા જગત માટે તો હું બાપુ હોઈશ, પણ તારા માટે તો મા છું.' માટે જ તો બાપુ સાથેના પોતાનાં સંસ્મરણોને મનુબહેને 'બાપુ મારી મા' એવા નામથી લખ્યાં છે. મનુબહેને પોતાની ત્રણ માતાઓ ગણાવી હતી, એક જેમણે જન્મ આપ્યો, બીજા કસ્તૂરબા અને ત્રીજા બાપુ.

બંગાળની દિશામાં કોમી આગ ભડકી ઊઠી હતી. બાપુ બંગાળ પહોંચ્યા ત્યારે મનુબહેન મહુવા હતાં. તેમના નિવૃત્ત થયેલા પિતા મહુવા રહેવા આવતા રહ્યાં હતાં. ડિસેમ્બર ૧૯૪૬માં મહુવાથી મનુબહેન ગાંધીજી પાસે પહોંચ્યાં ત્યારે મહાત્મા નોઆખલીના શ્રીરામપુર ખાતે હતા. મનુ પહોંચી ત્યારે ગાંધીજી કોઈની સાથે વાતચીતમાં રોકાયેલા હતાં. પણ મનુ દોડીને તેમને પગે લાગી એટલે ગાંધીજીએ તેની પીઠ પર ધબ્બો માર્યો, કાન ખેંચ્યો અને ગાલ પર ટપલી પણ મારી અને કહ્યું, 'કેમ આવી પહોંચીને?' મનુબહેને આવીને ગાંધીજીનાં કેટલાંક અંગત કામોની જવાબદારી સંભાળી લીધી હતી, તેથી ગાંધીજી પરનો થોડો બોજો હળવો થયો હતો. ગાંધીજીએ તેમને પણ બંગાળી શીખવાનો આદેશ કર્યો હતો. મનુ ગાંધી રોજ ડાયરી લખતી અને તેના પર ગાંધીજીની સહી કરાવતી. એ રીતે ડાયરી સત્તાવાર દસ્તાવેજ બનતો જતો હતો. એ વખતે મનુબહેનની ઊંમર ઓગણીસ વર્ષ હતી. મનુબહેન સંબોધન તો આજે વર્ષો પછી થાય છે, પરંતુ ત્યારે એ કોઈ રીતે બહેન કહેવાં પડે એવડી ઊંમરના ન હતાં. ગાંધીજી તો

તેમને મનુડી કહીને જ બોલાવતાં હતાં. ગાંધી હત્યા થઇ ત્યાં સુધીના ૪૦૮ દિવસ સુધી મનુબહેને સતત તેમની તમામ પ્રવૃત્તિની નોંધ રાખી હતી.

મનુબહેનનું નામ ગાંધીજી સાથે અતૂટ રીતે જોડાયેલું છે. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ નથુરામે ગોળી મારી ત્યારે ગાંધીજીનો ડાબો હાથ મનુ ગાંધીના ખભે અને જમણો આભા ગાંધીના ખભે હતો. મનુએ નથુરામને ગાંધીજી પાસે આવતા અટકાવ્યા ત્યારે નથુરામે એટલા જોરથી ધક્કો માર્યો હતો કે મનુના હાથમાંથી માળા, થૂંકદાની વગેરે તો પડી જ ગયું હતું, પણ મનુબહેન પોતે પણ ગડથોલિયું ખાઇ ગયાં. ગાંધીજીની અંતિમયાત્રામાં કાંધ આપવા સુધીની જવાબદારીઓ મનુબહેને નિભાવી હતી. ગાંધીજીના મૃત્યુ પછી મનુબહેને પોતાની પાસે રહેલી ગાંધીજીની તમામ ચીજો દેવદાસકાકાને સોંપી દીધી હતી. થોડા દિવસો સુધી ગાંધીજી પ્રાર્થના કરતાં હતાં એ પ્રમાણે સવારે ઊઠીને બીરલા હાઉસમાં પ્રાર્થના પણ થતી હતી. પરંતુ હવે કોઈનું મન લાગતુ ન હતું. ગાંધીજીના અસ્થિ દેશના વિવિધ ભાગોમાં વહેંચવાના હતાં. મુખ્ય અસ્થિકુંભ અલાહાબાદ લઇ જવાયો હતો. જવાહરલાલ એ દરેક કાર્યમાં મનુબહેનને આગળ કરતાં હતાં. અસ્થિ વિસર્જન વખતે પણ તેમને સાથે રાખ્યાં હતાં. એ પછી દિલ્હીમાં સત્તાના કેન્દ્રમાં રહેવાની તેમની કોઇ ઈચ્છા ન હતી. તેથી મનુબહેને દિલ્હી છોડવાનું નક્કી કરી લીધું હતું.

ઘણાખરા સાથીદારો ગાંધીજીના મૃત્યુ પછી પણ ઊંચા રાજકીય હોદ્દા પર કે જાહેર જીવનમાં સક્રિય રહ્યાં હતાં. પરંતુ ગાંધીજીની મૃત્યુ સુધી સાથે રહેનારાં મનુબહેન ગાંધી મૃત્યુ પછી સાવ ભુલાઇ ગયાં છે અને આજે ય ભુલાયેલાં જ છે. ગાંધીજી વિનાની જિંદગી તેમણે મહુવામાં ગુજારી હતી.

અહીંના રાજકારણમાં પડવા જેવુ ન હોવાની મનુબહેનને પહેલેથી જાણ હતી. બાપુના જીવતા જે કાર્યકરો હતાં એ બધાના સત્તા હાથમાં આવતાંની સાથે જ શાહી ઠાઠ વધી ગયા હોવાની વ્યથિત હૈયે નોંધ મનુબહેને ડાયરીમાં કરી જ છે. બદલાતા સંજોગોને ધ્યાનમાં રાખીને મનુબહેન કહેવાતા સામાજિક આગેવાનોથી અંતર રાખીને મહિલા-બાળકોને મદદરૂપ થાય એ પ્રકારનું બાલવાડીનું કામ હાથમાં લઇ ચૂક્યાં હતાં. એ ગાળામાં જ મુંબઈની ન્યુ ઈરા સ્કૂલના પ્રિન્સિપાલ વ્યાસ સાહેબે 'બાપુ જીવનદર્શન' વ્યાખ્યનામાળા કરવા જવાહરલાલને સૂચન કર્યું. જવાહરલાલે સૂચન સ્વીકાર્યુ અને કામ મનુબહેનને સોંપ્યું. પરિણામે મનુબહેન દેશના ઘણા રાજ્યોમાં ફર્યાં અને વિદ્યાર્થીઓ સાથે ગાંધીજી અંગે પરામર્શન પણ કર્યું. ગાંધીજી વિશે વિદ્યાર્થીઓ પૂછે એ સવાલના જવાબો પણ મનુબહેન આપતાં. જવાહરલાલ આ કામથી બહુ પ્રભાવિત હતા અને એટલે જ ડાયરીઓ જોવા તથા મનુબહેનને મળવા ૧૯૬૩માં છેક મહુવા સુધી ધક્કો ખાધો હતો.

ગોહિલવાડના કેટલાક રાજકીય આગેવાનો મનુબહેનથી વિરુધ્ધ હતાં. મનુબહેન પોતાનું કામ કરી ન શકે એવી અડચણો ઊભી કરતાં રહેતા હતા. અલબત્ત, મનુબહેન માત્ર સેવા કાર્યોમાં જ જોતરાયેલા હતાં. કોઇ પ્રકારના સત્તાસ્થાને રહેવાની તેમની મહાત્ત્વાકાંક્ષા હતી નહીં. અહીં રહીને તેમણે મહિલાઓનો 'ભગીની સમાજ' સ્થાપ્યો હતો, જેનું મુખ્ય કામ પાસેના ગામોમાં જઇ બાલવાડીઓ ચલાવાનું હતું. બાળકો અને મોટેરાંઓ અહીં શિક્ષણ લેતાં થાય એ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. એ માટે તેઓ આસપાસના અનેક ગામોમાં પણ ફરતાં રહેતાં હતાં. ૨૦-૨૨ બહેનોને એકઠી કરીને તેઓ મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ ચલાવતાં હતાં. બગદાણા, ભાદ્રોડ વગેરે અનેક ગામોમાં તેમની બાલવાડીઓ ચાલતી હતી.

દિલ્હીથી મનુબહેનને વારંવાર આમંત્રણ આવતા રહેતા હતાં. ૧૯૬૯માં એવા જ એક આમંત્રણથી તેઓ રેડિયો કાર્યક્રમ આપવા ગયા હતાં. ત્યાં તેઓ બીમાર પડયાં, દવાખાને દાખલ થયાં અને થોડી વારમાં જ મૃત્યુ પણ પામ્યાં. માત્ર ૪૦ વર્ષની ઊંમરે મનુબહેન ક્યાં અને કઇ હાલતમાં મૃત્યુ પામ્યાં તેનો કોઇ સત્તાવાર રેકોર્ડ હવે મળતો નથી.

ભાવનગર મહારાજ હોય કે રાષ્ટ્રીય નેતાઓ ગાંધીજીના અંતિમ દિવસોમાં તેમને મળવા આવનારા સૌ કોઈ મહાનુભાવો મનુબહેનની નજર તળેથી અચૂક પસાર થતા હતા. બીજી તરફ એ મનુબહેન મૃત્યુ પામ્યાં ત્યારે તેમના પર કોઈની નજર પડી ન હતી. આજે મનુબહેન જીવતાં હોત તો ૯૩-૯૪ વર્ષનાં હોત.

સંદર્ભ :

(૧) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર. ધો.૭ 'બે ખાનનો પરિગ્રહ "

(૨) 'સમયાંતર' નામક લેખકની કોલમ, 'રવિ પૂર્તિ', "ગુજરાત સમાચાર" 01 ફેબ્રુઆરી 2015